

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ચઢતા સૂરજે નાહી લેવાની પડાપડી છે!*
*ખટપટ અને ખેંચતાણની તડાફડી છે!*
*ચડાખડી છે ભાવની ટિકીટના વેંચાણમાં -*
*ફેંકાઈ ગયા ખૂણે, પલ્ટુઓની રડારડી છે...*

હાઈકુ

*બીનહરિફ!*
*જીતવાનો આનંદ -*
*માંદા સ્પર્ધકો...*

*રોગી-અશક્ત,*
*ઘવાયેલાં કૂકડાં -*
*તો લડે કયાંથી ?!*

### ચિંતન

*પિતૃ-પુત્ર-નાતૃ-ભવ્યક-ભ્રાતૃણામ્ એક પુરુષસમ્બન્ધઃ ।*
*ન ચ સ એકસ્ય પિતા ઈતિ શેષકાણાં પિતા ભવતિ ॥*

ઉપરોક્ત શ્લોક સમણસુત્તંમાંથી લેવામાં આવેલ છે.

એક જ શરીર સંબંધ દાવે અનેક રીતે ઓળખાય છે. માણસ પોતાના પિતાનો પુત્ર છે અને પોતાના પુત્રનો પિતા પણ છે. જગતના તમામ પદાર્થો આવા જ છે.

એક પુરુષ સંબંધ દાવે પિતા પણ હોય છે અને પુત્ર પણ હોય છે. કયાંક સ્વામી પણ હોય છે તો કયાંક સેવક પણ હોય છે. કયારેક એકનો એક માણસ કોઈકનો ભાઈ હોય છે, તો કોઈકનો પતિ પણ હોય છે.

સંબંધોની આ બહુરૂપી ઓળખાણથી સ્ત્રીઓ પણ કંઈ પર નથી. એક જ સ્ત્રી કોઈની પુત્રી હોય છે તો કોઈકની પત્ની કે માતા પણ હોય છે

જે રીતે સ્ત્રી અને પુરુષના સંબંધમાં એક જ સ્વરુપે જુદા જુદા સંબંધો હોય છે એ જ રીતે દૃશ્ય અને અદૃશ્ય તમામ પદાર્થોમાં પણ આ જ સિદ્ધાંત પ્રવર્તે છે. આ તમામ પદાર્થો પણ સ્થળકાળના સંદર્ભમાં જુદા જુદા સ્વરુપ ધારણ કરતા હોય છે.

જૈન ધર્મ આ સિદ્ધાંતને અનેકાંતવાદ તરીકે ઓળખે છે.

### સુવિચાર

- બાહ્ય સ્મૃદ્ધિ વ્યક્તિને માત્ર સુવિધા આપી શકે...
  અભયંતર સમૃદ્ધિ જ વ્યક્તિને સુખ આપી શકે - **આચાર્ય વિજયરત્નસૂરી**
- આધિ-વ્યાધિ - ઉપાધિરૂપી અગ્નિની જવાળાને કારણે
  અશાંત બનેલાનો ગંગારૂપી એક મા ઉપાય છે, ગુરુ - **બોધિવૃક્ષ**
- જે વ્યક્તિને કદી અતૃપ્ત ન બનાવે તે જ સાચું સુખ છે - **રોહિત શાહ**
- હિમ્મત નહીં તો પ્રતિષ્ઠા નહીં, વિરોધી નહીં તો પ્રગતિ નહીં - **રસિક મીણા**
- કોઈકને આપી પણ એ જ શકે છે, જે માંગ્યાની કિંમત જાણતો હોય - **દિનકર જોષી**
- બીજાનું સારું કરવાની વૃત્તિ હોય તો ઈશ્વરને પણ
  મુશ્કલીમાં આપણી મદદ માટે હાજર થવું પડે - **વિનોબા ભાવે**
- આજનું ઔષધ : આંબાના પાંચ કૂણા પાનનો રસમાં સાકર ઉમેરી પીવાથી ઉલ્ટી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શાળામાં આમ હોંશિયાર પણ તોફાની છોકરો હતો. તે કંઈક ને કંઈક તોફાન મસ્તીમાં જ હોય. ભણવામાં તેનું ખાસ ધ્યાન જ નહીં. રોજ શિક્ષકો કાં તો એને ઠપકો આપ્યો હોય અથવા તેને તોફાન માટે વર્ગની બહાર ઊભો રાખ્યો હોય. છોકરાને પણ મનમાં એવું થાય કે બધા મને જ શું કામ ખીજાય છે. બીજા વાતો કરે છે છતાં સજા તો મને વધારે વધારે થાય છે. હવે તો શિક્ષકો વાંક ન હોય તો પણ એ છોકરાને જ સજા આપી દેતાં કારણ કે તેની છાપ જ એવી પડી ગઈ હતી. આવું વારંવાર થવાથી તે છોકરો નફ્ફટ થઈ રહ્યો હતો. માતાપિતા પણ તેને મારઝુડ કરે પણ તેનામાં કોઈ સુધારો થતો ન હતો. વર્ષ બદલાયું તે છોકરો બે વિષયમાં ચઢાવ પાસ થયો. નવા વર્ગમાં નવા શિક્ષકો પાસેથી માહિતી મેળવી લીધી. જેમ કે કોણ હોંશિયાર છે, કોણ સામાન્ય છે. કોણ તોફાની છે વગેરે વગેરે... સૌ શિક્ષકોએ તોફાની છોકરાની માહિતી તેમને આપી. અને તેને પહેલેથી દાબમાં રાખવાની સૂચના આપી. નવા વર્ગ શિક્ષકે બીજા જ દિવસે તે તોફાની છોકરાને બોલાવીને કહ્યું, 'આ વર્ગના કબાટની ચાવી તું સાચવજે.' તોફાની છોકરાને પહેલા તો નવાઈ લાગી કે અગાઉના શિક્ષકો તો મને કાયમ ખીજાતા હતા. પણ આ શિક્ષક તો મારા ઉપર વિશ્વાસ મૂકે છે.' આવી જવાબદારી મળતા તેને પણ સારું લાગ્યું. વર્ષ દરમિયાન શિક્ષકે તોફાની છોકરાને વખાણ કરીને અને પ્રેમથી સમજાવીને શાબાશી આપીને કહેતા રહ્યા. 'તું હોંશિયાર તો છે જ, જરા વધારે મહેનત કર. બધા વિષયોમાં પાસ થઈ જા. જયાં ખબર ન પડે ત્યાં મને પૂછજે. ભણવાના સમયે ભણી લેવું પછી મજાક મસ્તી કરાય.' શિક્ષકના આ શબ્દોની અને તેમણે મૂકેલા વિશ્વાસની જાદુઈ અસર થઈ. તે તોફાની છોકરો ગંભીર થઈ અભ્યાસ કરવા લાગ્યો અને સારા માર્કે પાસ થઈ ગયો. આ કમાલ શિક્ષકે તેનામાં મૂકેલા વિશ્વાસની હતી.

# વરસાદ ગરબામાં વિઘ્નરૂપ

**તંત્રીસ્થાનેથી...**

પેલી જાણીતી કહેવત યાદ આવે છે : 'વહુ અને વરસાદને જશ નહીં; આ વર્ષે મેઘરાજાએ તમામ વરતારા ખોટા પાડીને મન મૂકીને વરસવાનું જ નક્કી કર્યું હોય એમ લાગે છે. ગુજરાત કયારેય ભારે વરસાદનો પ્રદેશ રહ્યો નથી, પરંતુ કયારેક એવાં વરસ પણ આવી ગયાં છે જયારે કોરાધાકોર બનાસકાંઠામાં અતિવૃષ્ટિને લીધે કાળો કેર વરતાઈ ગયો હોય. કચ્છ તો રણપ્રદેશ. વરસાદ એના માટે તો એક 'લકઝરી.' એને બદલે આ વર્ષે કચ્છ જળ બંબાકાર થઈ ગયું. આમ જુઓ તો એના વરસવાથી લાંબે ગાળે તો ફાયદો જ રહેવાનો - પણ હાલ પૂરતો તો એ તૈયાર થયેલી ફસલનો કચ્ચરઘાણ વાળી રહ્યો છે. આભ રુવે છે અને જગતના તાતની આંખડી પણ ચૂવે છે. કેટકેટલી આશા બંધાઈ હતી એના પર અક્ષરશઃ પાણી ફરી વળ્યું છે... સામાન્ય રીતે ગણોશોત્સવના દિવસોમાં જ વરસાદ ખમૈયા કરી જતો હોય છે. કદાચ ભારે આષાઢ-શ્રાવણની જેમ અગાઉ ભાદરવો પણ ભારે રહેતો હશે, પણ છેલ્લાં ઘણાં વર્ષોથી આસો તો નરવો-ગરવો ઓચ્છવ મહિનો જ બની રહેતો રહ્યો છે. નવરાત્રીનાં ભવ્યાતિભવ્ય આયોજનો કરનારાઓ માટે અને એનાં લાભાર્થી એવાં જુવાન હૈયાં માટે આ આસોનું આકાશ દુશ્મનની ગરજ સારી રહ્યું છે. ઘણી કલબોએ બબ્બે નવરાત્ર રદ કરી દીધાં છે. પરંતુ શું મેઘરાજાને એટલો બલિ ધરવી શકશે ? આગાહી તો એવી છે કે છેક છઠ્ઠા નવરાત્ર સુધી મેઘોજી મંડ્યા રહેવાના છે ! અને આ જુલમ એકલા ગુજરાત પર છે એવુંય કયાં છે? બિહારનું પાટનગર પટના પાણઈ પાણી થઈ ગયું છે. એના રાજેન્દ્રનગર જેવા પોસ વિસ્તારોમાં બંગલાઓમાં પાણી ઘૂસી ગયું છે ત્યાં ગંગા કિનારે ઝૂંપડા બાંધીને રહેનારાઓની તો વાત જ શું કરવી ! વરસાદ વરસવા પાછળ ભૌગોલિક અને વૈજ્ઞાનિક કારણો જવાબદાર હોય છે - પરંતુ જનસાધારણ તો એને દૈવી કૃપા કે કોપ જ માની લે છે યાદ કરો : ગોકુળ જયારે મેઘરાજાના કોપ હેઠળ થરથરતું હતું ત્યારે પેલા નટખટ કનૈયાએ આખા ગામને કેવો રસ્તો સુઝાડ્યો હતો ! ઈંદ્રની પૂજા કરીને એનો કોપ શમાવવાને બદલે એ સૃષ્ટિનો પ્રથમ રેશનાલિસ્ટ બાળનાયક બધાને ગોવર્ધન પર્વતના શરણે લઈ ગયો હતો. વરસાદ વધુ વરસે છે, છતાં ઉનાળો આવતાં સુધીમાં પીવાનાં પાણીનાં ફાંફાં કેમ પડે છે ? વડાપ્રધાને જળસંચયનો સંકલ્પ લેવડાવી એ તકલીફનું કાયમી નિવારણ સૂચવ્યું છે - ચાલો, એનો આજથી જ અમલ શરૂ કરીએ. વરસાદી જળને જમીનમાં ઉતારીને શિયાળુ ફસલ ઉપરાંત પેય જળની સમસ્યા પણ હલ કરી દઈએ.'

# શક્તિ નહિ તારી કળાય રે હો અંબિકા...



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'અરે, તું કયાં ખોવાઈ ગઈ મમ્મી ?' તાન્યાએ એની મમ્મીને આમ જરા જોરથી હલબલાવીને કહ્યું... અને તોરલ ફરી પાછી જાણે એ રૂમમાં પ્રવેશી અને વહાલી દીકરીના માથા પર હાથ મુકીને બોલી. 'બેટા, તારી મમ્મી તારા જેવડી હતી ને એ ઉંમરના સ્મરણોમાં અત્યારે જતી રહી હતી...' બંનેની નજર સામે સ્થાપિત આદ્યશક્તિ માની મૂર્તિ અને ગરબાને વંદન કરીને બંને ઉભા થયા. પછી મોડી રાત્રી સુધી એક સમયે જીવનના મહામૂલા વર્ષો હતા, એ વર્ષોના મધમીઠા સ્મરણોથી ખૂબ વાતો કરી - ખુબ બધા ફોટા જોયા. એમની વચ્ચે થયેલા પ્રેમપૂર્ણ સંવાદમાં જે કથા હતી - જે વાર્તા હતી એ કાંઈક આવી હતી.

તોરલનો જનમ ઉત્તર ગુજરાતમાં એના બાળપણમાં એ પિતા-માતા અને ભાઈ સાથે વ્યવસાય અર્થે અમદાવાદ આવી ગઈ. અમદાવાદની શ્રેષ્ઠ ગણાતી શાળામાં અભ્યાસ કર્યો. બાળપણથી જ બહુ વાચાળ, મસ્તીખોર, તોફાની, હાજરજવાબી, ધર્મમાં અપાર શ્રદ્ધા, વડીલો પ્રત્યે માન, ફિલ્મો જોવી બહુ ગમે ને આખ્ખા અમદાવાદમાં રાત-બે-રાત રખડવામાં એનો ભાઈ એનો ભાઈબંધ. સોસાયટીમાં પણ લોકો કહે, 'આ ભાઈ-બહેનની જોડી જુઓ, સતત સાથે જ હોય.'

શાળાના કાર્યક્રમો દ્વારા એનામાં રહેલી કોઠાસૂઝથી તોરલે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં અવ્વલ સ્થાન મેળવવા માંડ્યું. વકતૃત્વ સ્પર્ધા હોય કે ગરબા, શાસ્ત્રીય નૃત્ય હોય કે ગાયન, પહેલા નંબરથી ઓછું એને ખપે જ નહિ.

પરિવારમાં ધાર્મિક સંસ્કારો સાથે એનો ઉછેર... દાદા પાસેથી ખુબ વાર્તાઓ સાંભળી... દાદીના સ્વરમાં ભજનો ને હાલરડાં સાંભળ્યા.... પપ્પા વ્યાવસાયિક સંઘર્ષો અને નીતિની વાતો કરેને મમ્મી તો જાણે અન્નપૂર્ણા માતા !! એમનું ઘર હંમેશા મહેમાનોથી ભર્યું ભર્યું હોય... નવરાત્રી આવે એટલે ઘરમાં ગરબો લેવયા, મા અંબાની અર્ચના થાય... દાદી ગરબા ગાય...

શક્તિ નહિ તારી કળાય રે હો અંબિકા,
તું ચૌદ ભુવનમાં ગવાય રે હો અંબિકા

નિયમિતરૂપે પરિવાર સાથે અંબાજી શક્તિપીઠના અને કુળદેવી માતાના દર્શને જવાનું... કુળદેવી માતા, ચડતી રાખો અમારા કુળની.... એ ગરબો ગાઈને મમ્મી કહેતી, 'બેટા, મા ભગવતી, કુળદેવીમાં હંમેશા શ્રદ્ધા રાખજો, સંઘર્ષ આવશે પણ એની સામે લડીને જીતવાનું બળ કુળદેવી આપશે.'

આમ જગત આખાને તારનારી મા આદ્યશક્તિ પરની શ્રદ્ધાએ તોરલને પણ તારી એવી એક ઘટના એના જીવનમાં કૉલેજકાળ દરમિયાન બની... એ સમયની કોઈ બિમારીના કારણે થોડો સમય એના શરીરના કદ-કાઠું જરા વધી ગયા હતા. નવરાત્રીમાં કયાંક એ ગરબા રમતી હતી. બધાને એમ હતું કે એને જ ઈનામ મળશે પણ ના મળ્યું. વાતવાતમાં ખબર પડી કે એના શરીરનું જાડાપણું એવરોધક બન્યું હતું... થોડા દિવસ એ બહુ ડિસ્ટર્બ રહી, માના શરણે ગઈ, સમય જતાં દવાઓની અસર ઘટી, યોગ્ય ડાયેટ, શારીરિક પરિશ્રમ અને પરિવારની હૂંફ સાથે એક-બે વર્ષમાં એ ફરી હતી એવી સ્લીમ થઈ ગઈ. એ દરમિયાન એની પ્રવૃત્તિઓ તો ચાલુ જ હતી... અધુરામાં પૂરું એમ.બી.એનો અભ્યાસ કરીને પપ્પાના વ્યવસાયમાં પણ સાથ આપતી હતી. સમય જતાં વિદેશથી એક સરસ રાજકુમારનું માગું આવ્યું. પરણીને એ સાસરે ગઈ... સાથે થોકબંધ તસ્વીરો લેતી ગઈ સ્મરણો રૂપે... કેટલાક મેડલ્સ પણ... વિદેશમાં જઈને એ ધંધા-વ્યવસાય સાથે તોરલે નૃત્ય આરાધના અખંડ રાખી. ત્યાં પણ સખત પરિશ્રમથી કલા ક્ષેત્રે નામ રોશન કર્યં. દર બે-ત્રણ વર્ષે નવરાત્રીમાં અમદાવાદ આવે... દીકરીને આદ્યશક્તિ માની કથાઓ - ગરબાઓ - ચમત્કારોની વાતો કરે... ગરબા શીખવે... અલબત્ત એ દીકરીએ કારકિર્દી માટે ઈન્ટેરીયરનું ક્ષેત્ર પસંદ કર્યું છે પણ માતાજી પ્રત્યેની એની આસ્થા અને ભક્તિમાં મમ્મીનો વારસો રાખ્યો છે.

મા ભગવતી સહુની ખેવના કરે છે, સહુના ઓરતા પૂરા કરે છે. એ જગતજનની છે, જગદંબા છે, શક્તિ સ્વરુપા છે ને ભક્તિ સ્વરુપા છે. પૂર્ણ આસ્થાને શ્રદ્ધાથી એની ભક્તિ કરનારને - એના શરણે જનારને હંમેશા આ બધાનો અનુભવ હોય જ છે. તોરલના જીવનમાં પણ આ શ્રદ્ધા જ એને કડવા ઘૂંટની મિટશ તરફને વૈચારિક અંધકારથી અજવાળા તરફ લઈ ગઈ. કોઈક અજાણ્યાના શબ્દોનો ઘા ઝીલીને નૃત્ય ક્ષેત્રે એની ઓળખ એ ઉભી કરી શકી. નવરાત્રીમાં ગરબાના અજવાળા રેલાય ત્યારે સાધનાના અજવાળા પણ રેલાય છે.

# સિદ્ધરાજ જયસિંહ અને હેમચંદ્રાચાર્યમાં જોવા મળતી ગુજરાતની અસ્મિતા



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

'પ્રભાવકચરિત' અનુસાર હેમચંદ્રાચાર્યનું સિદ્ધરાજ જયસિંહ સાથે પ્રથમ મિલન અણહિલપુરના બહુ સાંકડા માર્ગ પર થયું. જેમાંથી સિદ્ધરાજ જયસિંહના હાથીને પસાર થવામાં તકલીફ ઊભી થઈ. એક સ્થળે તે અટક્યો ત્યારે બાજુમાં ઉભેલા શ્રી હેમચંદ્રાચાર્યએ કહ્યું, 'હે સિદ્ધરાજ! તારા હસ્તિરાજને નિઃશંકપણે આગળ વધવા દે. પૃથ્વીને ધારણ, કરનારા દિગ્ગજો ભલેને ખળભળે કેમ કે, હવે તો સમસ્ત પૃથ્વીને તે જે ધારણ કરેલી છે તેથી દિગ્ગજો ખસી જાય તેની પરવા નથી.' આ શ્લોક સાંભળી જયસિંહ પ્રસન્ન થઈ ગયા અને આચાર્યને પોતાના દરબારમાં બોલાવ્યા. મુનીન્દ્રની શાંત મુદ્રાએ રાજાને પ્રભાવિત કર્યા.

આચાર્યાશ્રીએ સિદ્ધરાજ જયસિંહની રાજસભામાં પ્રવેશ કર્યો ત્યારે રાજવીની કીર્તિ દિગંતવ્યાપ ધરાવતી હતી. શૌર્ય અસાધારણ હતું. મહત્વાકાંક્ષા સામ્રાજય સ્થાપવાની હતી આથી એની નજર વિક્રમરાજાની માલવભૂમિ પર રમી રહી હતી એને વિક્રમનો યશ પ્રાપ્ત કરવાની મહેચ્છા હતી. એનાથી ગુજરાતની લઘુતા સાંખી શકાતી નહોતી. ગુજરાતના સૈનિકો, સુભટો, સાધુઓ, સરસ્વતીપુત્રો, સ્ત્રીઓ મહાન હોય એમ જોવાની તાલાવેલી હતી. 'ગુજરાતમાં આ નથી' વાક્ય તેના માટે શરસંધાન હતું. એને એ જ રઘુવંશકાર કાલિદાસની જરૂર હતી. જેમ રઘુવંશની ગાથા વાંચીને રાષ્ટ્રીયભાવના જાગૃત થાય તેમ ચૌલવંશ કથા વાંચીને ગુજરાતી પોતાની જાતને નાની ન માને એવી કોઈ અમરકૃતિની ઝંખના કરી રહ્યો હતો.

સરસ્વતી, રાજનીતિ અને ધર્મ ત્રણ મહાન પ્રવૃત્તિનું પાટણ તે સમયે કેન્દ્ર હતું. પણ ગુજરાતની એ દિગંતત્વની કીર્તિની માવલવાસીઓ મશ્કરી કરતા હતા. ભોજરાજાના દરબારીઓ જાણતા કે ગુજરાતીઓને તેમના સાહિત્યની શી ખબર પડે ? એમને ત્યાં કવિ કોણ ? ભાષાશુદ્ધિની કોને પડી છે? માતા સરસ્વતીનાં કંઠનું આભૂષણ તો અહીં જ રચાય, તેવું ગૌરવ, અભિમાન ધરાવતા હતા.

વિ.સં. ૧૧૯૨ના અરસાની વાત છે. સિદ્ધરાજ જયસિંહે માલવરાજ યશોવર્માનો પરાજય કરી અણહિલપુર પાટણમાં પ્રવેશ કર્યો. તેને માલવરાજનો પ્રદેશ એકલો જ હાથ કરવો ન હતો તેને તો માળવાના સંસ્કારના, સાહિત્યના અને કલાનાં બધાંય પ્રતિકોને અને સાધનોને ગુજરાતમાં વસાવવા હતા. ગૂર્જરરાજયને સામ્રાજયની ભવ્યતા અને બૃહસ્પતિનો વિવેક આપવો હતો. પોતાનું ચક્રવર્તીપણું સિદ્ધ કરવું હતું. પાટણને માનવસમુદ્ર બનાવવું હતું.

સિદ્ધરાજ જયસિંહના નગરપ્રવેશ પછી બધાય સંપ્રદાયના વિદ્વાનો તેને આશીર્વાદ દેવા માટે રાજયસભામાં જવા લાગ્યા. શ્રી હેમચંદ્રાચાર્ય પણ રાજયસભામાં ગયા અને સરલ શૈલીમાં રાજાને આશીર્વાદ આપ્યા 'હે કામધેનુ ! તું તારા નોમયરસથી ભૂમિને સીંચી દે; હે રત્નાકર, તું મોતીઓના સ્વસ્તિક પૂરી દે; હે ચંદ્ર, તું પૂર્ણકુંભ બની જા; હે દિગ્ગજો, તમે સૂંઢ સીધી કરી કલ્પવૃક્ષનાં પત્રો લઈ તોરણો રચો ખરેખર સિદ્ધરાજ પૃથ્વી જીતીને અહીં આવ્યા છે.'

આ સુંદર શ્લોકથી સિદ્ધરાજ ખૂબ જ ખુશ થયા. હેમચંદ્રાચાર્ય પર તેમની પ્રીતિ વધી પણ અન્ય કવિઓ ઝંખવાઈ ગયા અને કહ્યું કે એમની આ વિદ્વતા અમારા વ્યાકરણ ગ્રંથને આભારી છે. ત્યાં જ એક સુંદર પ્રસંગ બન્યો. સિદ્ધરાજ જયસિંહ ધારાનગરીનો ધ્વંસ કરી તેનો અણમોલ પુસ્તકભંડાર પાટણ લાગ્યો. તેમાં ભોજરાજ રચિત 'સરસ્વતીકંઠાભરણમ્' નામનો વ્યાકરણગ્રંથ હાથ લાવ્યો. સિદ્ધરાજને થયું મારો દેશ, મારી પ્રજા પરાયા શાસ્ત્રો પર શા માટે જીવે ? તેની પાસે પોતાનું પોતીકું સાહિત્ય, વ્યાકરણ હોવું જોઈએ. જો નથી તો તે સ્થિતિ તો સંસ્કારપૂર્ણ દેશ માટે શરમજનક કહેવાય. આથી રાજસભા વચ્ચે જ આચાર્યશ્રીને વિનંતી કરી, 'હે મુનીશ્વર, નવા વ્યાકરણની રચના કરો એનાથી મને યશ, તમને ખ્યાતિ અને સમગ્ર લોકના ઉપકારનું પુણ્ય પ્રાપ્ત થશે.' આચાર્યશ્રીએ આ બીડું ઝડપી લીધું. તેમને નવું વ્યાકરણ રચવાની સિદ્ધરાજે સાત્ત્વિક પ્રેરણા આપી. જેનાથી ગુજરાતને પોતાનું નવું વ્યાકરણ પ્રાપ્ત થયું. સિદ્ધરાજ અને હેમચંદ્રચાર્યના નામોને અમર કરતાં આ વ્યાકરણગ્રંથનું નામ 'સિદ્ધહેમશબ્દાનુશાસન' રાખવામાં આવ્યું.

આચાર્યશ્રીએ કાશ્મીરથી આઠ વ્યાકરણગ્રંથ મંગાવ્યા તેનો અભ્યાસ કરી પોતાની પ્રતિભાથી નૂતન વ્યાકરણનું સર્જન કર્યું. પ્રબંધચિંતામણીના રચયિતાના કહેવા મુજબ હેમચંદ્રાચાર્યએ એક વર્ષમાં સવા-લાખ શ્લોકપ્રમાણનું વ્યાકરણ લખ્યું. આ ગ્રંથમાં આઠ અધ્યાય છે જેનો છેલ્લાં અધ્યાયમાં પ્રાકૃત અને અપભ્રંશ વ્યાકરણ ચર્ચા કરી છે.

વ્યાકરણનો આ મહાનગ્રંથ તૈયાર થતાં ગુર્જર નરેશ સિદ્ધરાજ જયસિંહે પોતાના માનીતા શ્રીકર હાથી પર સોનાની અંબાડીમાં આ વ્યાકરણગ્રંથને પધરાવીને પાટણના રાજમાર્ગ પર શોભાયાત્રા કાઢી હતી. જેના આગળના ભાગે આચાર્યની સાથે સિદ્ધરાજ જયસિંહ પણ પગે ચાલતાં હતા. સિદ્ધરાજ એક વિદ્યાવ્યાસંગી રાજવી હતા એનો આ પુરાવો છે. વિશ્વના ઈતિહાસમાં કોઈ મામલે આ રીતે સાહિત્યયાત્રા કાઢી ગ્રંથનું બહુમાન કર્યાનું નોંધાયું નથી. સાહિત્યની કોઈ કૃતિને આ રીતે સન્માન આપ્યું હોય તેમ જાણવા મળ્યું નથી.

વિક્રમ સંવતની બારમી સદી ગુજરાતના સાંસ્કૃતિક જીવનના સુવર્ણયુગ સમાન હતી. ગુજરાતના રાજકીય, ધાર્મિક, સામાજિક, વિદ્યાકીય અને અન્ય ક્ષેત્રોમાં આ સદીમાં આંતરિક સત્વનાં યોગે અને સિદ્ધિના શિખરો સર કર્યા. આ સિદ્ધિનાં નાયક કલા અને સંસ્કાર જેને પ્રિય હતા તેવા સિદ્ધરાજ જયસિંહ અને તેમના પ્રેરણાદાતા આચાર્ય હેમચંદ્રસૂરિ. આ બંને નાયકો દર્શાવે છે કે ભિન્ન ધર્મના હોવા છતાં ધર્મનીતિનો રાજનીતિ પર કેવો પ્રભાવ હતો. જેનાથી માનવજીવનની મધુરતા, સાધુજીવનની શુચિતા અને ધર્મજીવનની ઉન્નતતાનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. ગુજરાત માત્ર વ્યાપાર-વાણિજ્યના ક્ષેત્રે જ સુવિખ્યાત છે તેમ નથી વિદ્યાકીય ક્ષેત્રે પણ અનેક વિભૂતિઓએ વિશિષ્ટ પ્રદાન કર્યું છે. જેના સ્મરણમાત્રથી આજે વર્તમાનમાં પણ એ ભવ્યતાને તાદશ્ય કરી શકાય છે. આવા સ્મરણીય ઐતિહાસિક પાત્રોએ ગુજરાતની અસ્મિતાનો માત્ર અંગૂલિનિર્દેશ જ નથી આપ્યો પણ તેના જયોર્તિધર બની રહ્યાં છે.

jayuoza@gmail.com
Mo.9898046488

# વિશ્વમાં ભારત સેકંડ હાઈએસ્ટ મિલ્ક પ્રોડ્યુસર બ્રાઝીલ સહિત દુનિયાભરમાં ગીર ગાયની જબરી ડીમાંડ છે





**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

શહેરના પોશ વિસ્તારમાં પલાશ અને પૌલમીનો આલીશાન બંગલો. પાંચ વર્ષના પુત્રની પાછળ રોજ સવારે દોડતા એક ડાયલોગ પૌલમી અવશ્ય બોલે, 'જો બેટા દૂધ પી લે. નહી તો તું સ્ટ્રોંગ કેવી રીતે બનીશ...' અને પાંચ વર્ષનો રોહન 'સ્ટ્રોંગ' બનવા માટે રોજ એક ગ્લાસ દૂધ ગટગટાવી જાય. ઘેર ઘેર આ દ્રષ્ય જોવા મળતા હોય છે. એની પાછળનું કારણ દૂધ સંપૂર્ણ આહાર છે. ગાય, ભેંસ, બકરી, ઊંટ વગેરે ઘણા પ્રાણીઓના દૂધનો ઉપયોગ થતો હોય છે. ભારતની ઈકોનોમીમાં પશુપાલન અને મિલ્ક પ્રોડકશનનો મોટો હિસ્સો છે. આપણા ગુજરાતની જ વાત કરીએ તો ૧૩૫.૬૯ લાખ મેટ્રિક ટન દૂધ ઉત્પાદન સાથે ગુજરાત દેશમાં અગ્રસ્થાને છે. સમગ્ર વિશ્વમાં દૂધના ઉત્પાદનના આંકડા ઉપર નજર નાખીએ તો અમેરિકા ૯૧.૩ બિલિયન કિલોગ્રામ સાથે પ્રથમ સ્થાને આવે છે. જ્યારે ભારત ૬૦.૬ બિલિયન કિલોગ્રામ સાથે બીજા ક્રમે છે. ત્યાર પછી ૩૫.૭ બિલિયન સાથે ચીન, બ્રાઝીલ ૩૪.૩ બિલિયન, જર્મની ૩૧.૧ બિલિયન, રશીયા ૩૦.૩ બિલિયન, ફ્રાન્સ ૨૩.૭ બિલિયન અને ન્યુઝીલેન્ડ ૧૮.૯ બિલિયન કિલોગ્રામ દૂધ ઉત્પાદન કરે છે.

દૂધની વાત નીકળે અને ગુજરાતના ગીરને ન યાદ કરાય તો બહુ મોટી નાઈન્સાફી થઈ કહેવાય. આમ તો ગીરનું નામ પડે એટલે ત્રાડ પાડતો વિકરાળ ડાલામથ્થો સિંહ નજર સામે ખડો થઈ જાય. ગીર સિંહ ઉપરાંત ગાય માટે પણ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. ગીરની ગાયની ચર્ચા આખી દુનિયામાં છે. ૧૮મી સદીમાં ભાવનગરના મહારાજાએ બ્રાઝીલના એક ખેડૂતને ગીર પ્રદેશનો આખલો ભેટમાં આપ્યો હતો. બ્રાઝીલમાં ગીર નસલની ગાયો આવતા ત્યાંના અર્થતંત્રની કાયાપલટ થઈ. બ્રાઝીલનો મિલ્ક બિઝનેસ જબરજસ્ત વિકાસ પામ્યો તેના પાયામાં આપણી ગીરની ગૌમાતા છે. આજે બ્રાઝીલમાં ૪૦ લાખ ઉપરાંત ગીર ગાયો છે. બ્રાઝીલની રાજધાનીમાં ભાવનગરના મહારાજાની પ્રતિમા છે એને આદરપૂર્વક બ્રાઝીલિયનો આવતા જતાં મનોમન એને સેલ્યુટ કરતા હોય છે.

ગીર ગાયની સ્પેશિયાલિટી એ છે કે એક વાર વિઆયા બાદ પાંચ હજાર લીટર સુધી દૂધ આપી શકે છે. જ્યારે સામાન્ય ગાય બેથી અઢી હજાર લીટર દૂધ આપી શકે છે. ભારતમાં ગીર ગાયની નસલ ઘટતા ૨૦૧૮મા ભારત સરકારે બ્રાઝીલથી ગીર સાંઢના એક લાખ સીમન (વીર્ય) ઈમ્પોર્ટ કરવાનો નિર્ણય કર્યો હતો. ઈમ્પોર્ટ થયેલા સીમન આખા દેશના પશુપાલક ભાઈઓને અપાયા. જેના પરિણામે ગીર ગાયોની સંખ્યા ભારતમાં ફરી પાછી વધશે.

**ગીરની ગાયનું દૂધ કેન્સર, ટ્યુમર જેવા અસાધ્ય રોગો સામે રક્ષણ આપતી ગુણકારી જડીબુટ્ટી છે**

ગાયનું દૂધ અને એમાં પણ ગીરની ગાયનું દૂધ અત્યંત ફાયદાકારક છે. મેલબોર્નમાં કરવામાં આવેલા એક સંશોધનમાં જણાવાયું છે કે, ગાયના દૂધમાંથી સરળતાથી એવું ક્રીમ બનાવી શકાય છે કે જે એચઆઈવી સામે રક્ષણ આપે છે. મેલબોર્નના વૈજ્ઞાનિકોએ ગર્ભવતી ગાયો ઉપર કરેલા અભ્યાસમાંથી આ તારણ બહાર આવ્યું હતું.

બાળકોના બૌદ્ધિક વિકાસમાં ગીર ગાયનું દૂધ ઉત્તમ પરિણામ આપે છે. ગાયના દૂધમાં શુદ્ધ મધ ભેળવીને પીવાથી ચમત્કારિક લાભ મળે છે. પાચનતંત્રની વિવિધ સમસ્યામાંથી ગાયના દૂધથી છૂટકારો મળે છે. એક વૈજ્ઞાનિક તારતમ્ય એવું પણ છે કે, ગીર ગાયનું દૂધ પુરુષોના શુક્રાણુઓને વધારે છે. શુક્રાણુઓની કમીને કારણે બાળકથી વંચિત યુગલોએ ગાયના દૂધનું નિયમિત સેવનનો પ્રયોગ શરૂ કરવો જોઈએ. ટીબીના દર્દીઓને ગીર ગાયના દૂધથી ફાયદો થયો હોવાના પ્રમાણો ઉપલબ્ધ છે. ગાંધીનગર જિલ્લાની જ વાત છે. એક બહેનને બ્રેઈન ટ્યુમર હતું. એમણે એક વર્ષ સુધી સવાર-સાંજ ગીરની ગાયનું દૂધ ભરપુર માત્રામાં લીધું. સવા વર્ષ બાદ જ્યારે ડૉકટરોએ ટ્યુમર માટે પુનઃ બધા ટેસ્ટ કરાવ્યા તો તબીબોને આશ્ચર્ય થયું કે એ બહેનના મગજમાં ટ્યુમરની ગાંઠ હતી જ નહીં.

સુન સુન સુન... ગીરગાય કે દૂધ મેં હે બડે બડે ગુન... ગાયનું દૂધ પિત્તનાશક છે. કાઈન્ડ એટેન્શન ટુ યંગ ગર્લ્સ એન્ડ બોયઝ... ગીર ગાયનું દૂધ ચહેરા ઉપર મસાજ કરવાથી ચામડી ચમકદાર બની ઉઘડે છે. ગાયના દૂધમાં કૈરોટીન નામનો પદાર્થ હોય છે જે આંખોની રોશની વધારે છે. કેન્સર, ટીબી, હૈઝા જેવી કેટલીય ગંભીર બિમારીઓમાં ગાયનું દૂધ અમૃત સમાન કાર્ય કરે છે. સંશોધનકર્તાઓએ નોંધ્યું છે કે, ગીરની ગાયના દૂધમાં આઠ પ્રકારના પ્રોટીન, છ પ્રકારના વિટામીન, ૨૧ જેટલા એમિનાએસિડ, ૧૧ જેટલા ચરબીયુક્ત એસિડ, ૨૫ જેટલા ખનિજ તત્વો, ૧૬ પ્રકારના નાઈટ્રોજન તત્વ, ચાર પ્રકારના ફોસ્ફરસ તત્વ, બે પ્રકારની શર્કરાનું તત્વ હોય છે. આ ઉપરાંત એમાં સોનુ, તાંબુ, આયર્ન, કેલ્શિયમ, આયોડિન, ક્લોરિન અને સિલીકોન ઉપલબ્ધ હોય છે. ગીરની ગાયના દૂધનું સેવન કરવાથી કોલોસ્ટોરોલ વધવાનું જોખમ નથી હોતું.

ભારતીય મૂળની કાઠિયાવાડમાં જોવા મળતી આ નસલનું આયુષ્ય ૧૨થી ૧૫ વર્ષનું હોય છે. તેના જીવનકાળ દરમિયાન છથી બાર વાછરડા આપે છે. ગીર ગાયના દૂધમાં અનેક ઉપયોગી તત્ત્વો ઉપરાંત સુવર્ણ હોઈ ગજબની રોગપ્રતિકારક શક્તિ એમાં હોય છે. ગીરની ગાયની ત્વચા સફેદ અને ઘાટા લાલ કે ચોકલેટ ભૂરા રંગના ધબ્બા અથવા ઘેરા લાલ રંગની જોવા મળે છે. ગીર ગાયની કાંધ, તેની વિશેષતા છે. કાંધમાં નાડીચક્ર સાથે સૂરજના કિરણોના સીધા સંપર્કથી તેના દૂધમાં સુવર્ણ પેદા થતું હોય છે. ગીરની ગાયનુ વજન સામાન્ય રીતે ૩૮૫ કિલોગ્રામ અને ઉંચાઈ ૧૩૦ સેન્ટીમીટર જેટલી હોય છે.

આપણા દેશમાં વેદકાલીન સમયથી ગાયને માતા કહેવામાં આવે છે. એની પાછળ શાસ્ત્રોમાં પણ ચોક્કસ આધારો આપવામાં આવ્યાં છે. આદી કાળમાં વાણિજ્યિક આદાન-પ્રદાનમાં ગાયનો ઉપયોગ થતો. પૌરાણિક કાળમાં ઉપલબ્ધ ગાયની સંખ્યા ઉપર વ્યક્તિની ધનાઢ્યતાનો માપદંડ રહેતો. ભગવાન શ્રીકૃષ્ણ અને ગાય ભારતીય સંસ્કૃતિનું સિમ્બોલ છે. પશુપાલન અને મિલ્ક ઈકોનોમીને આજે વિશ્વના મોટાભાગના દેશો સુપેરે સમજે છે.

આઝાદી વેળા હિન્દુસ્તાનની માનવ વસતી ૩૦ કરોડની આસપાસ હતી અને ગૌમાતાની સંખ્યા ૬૦ કરોડ આસપાસ હતી. આજે ભારતની માનવ વસતી ૧૨૫ કરોડ જેટલી છે અને ગૌમાતાની વસતી બે કરોડ છે. જો કે આજના યુવાનો ગૌવંશ પ્રતિ વધુ સજાગ બનતા જાય છે. જયપુરમાં વિભોર નામનો ૨૩ વર્ષનો એક યુવાન હોલોનેસ ડેરી ફાર્મ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી ચલાવે છે. ગીર નસલની ગાયોને એ ઉછેરી રહ્યો છે. શુદ્ધ ગાયુનું દૂધ, ઘી, માખણ, ગૌમુત્ર વગેરેનો વ્યવસાય એ સુઝ બુઝ અને નિષ્ઠાથી કરે છે. ભગવાન કૃષ્ણ કહે છે કે 'હું ગાયોને ચરાવીને સાંજના સમયે પાછો ઘરે આવતો હોઉ છું ત્યારે ગૌ મૈયાના પગથી ઉડતી રજકણોની 'ગૌધુલી'થી સ્નાન કરવા જેવું સુખ બીજું કોઈ નથી. વેદમાં કહ્યું છે કે, જેવી ગૌમાતાની સ્થિતિ એવી એ વ્યક્તિના ઘરની સ્થિતિ હોય છે. આજે ઘરોમાં ગાયની જગા શ્વાન, કાર અને બાઈકે લઈ લીધી છે. જોકે ગાયના દૂધ અને એની અન્ય પ્રોડક્ટનું મહાત્મ્ય દેશ અને દુનિયાને હવે સમજાતુ જાય છે. એ સમય દૂર નથી કે જ્યારે ઘેર ઘેર ગાયનું દૂધ પીવાશે અને પહેલાની જેમ ગૌમાતાના ગુણગાન ગવાશે.

**ધબકાર :**
**દૂધ દેવાવાળી ગાય માતાને કોઈ પૂછતું નથી અને ભસતા શ્વાનને ઘરમાં રાખી લાડ લડાવાય છે**